**આંક – ૬**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જિ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૭૭૧/૨૦૨૧**

**ફરિયાદી :-** **સરકારી શ્રમ અધિકારી અને ગ્રેજયુઈટી ચુકવણી નિરિક્ષકશ્રી, અમદાવાદ**

**: વિરૂધ્ધ :**

**આરોપી :-** ૧. **મુનલાઈટ પેકેર્જીગ**
૧૭૧૨/૬૩૦/૧, તારા એસ્ટેટ, તલાવડી સામે, રામોલ રોડ, રામોલ, અમદાવાદ.

૨. **શ્રી જીગ્નેશભાઈ સત્યેન્દ્રભાઈ પટેલ – ભાગીદાર મુનલાઈટ પેકેર્જીગ**
૧૭૧૨/૬૩૦/૧, તારા એસ્ટેટ, તલાવડી સામે, રામોલ રોડ, રામોલ, અમદાવાદ.

**ગુન્હો :– ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ–૧૯૭૨ ની ૯(૨) ના ભંગ બદલ.**

**<u>–: ચૂ કા દો :–</u>**

**(૧)** હાલનો ફોજદારી કેસ મજુર અદાલત અમદાવાદમાં દાખલ કરવામાં આવેલ, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ ગ્રેજયુઈટી નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ, ૧૯૭૨ તથા સુધારેલ અધિનિયમ, ૧૯૮૭ હેઠળની કલમ–૭ મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આરોપીએ **ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ–૧૯૭૨ ના ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી (ગુજરાત) રૂલ્સ, ૧૯૭૩ ના નિયમ–૬(૨), ૧૯ નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ૯(૨)** હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ સદરહુ કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતાં આરોપીને સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપી

પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ-૧૯૭૨ ના ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી (ગુજરાત) રૂલ્સ, ૧૯૭૩ ના નિયમ- ૬(૨), ૧૯ નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ-૯(૨)** મુજબનો ગુન્હો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**-: હુકમ ::-**

**(૧)** આ કામના પ્રત્યેક આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ આરોપીને **ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ-૧૯૭૨ કલમ ૯(૨)** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ **રૂા.૧૦,૦૦૦**/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) તેમ કુલ મળીને બંને આરોપીને **રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. .

**(૨)** આરોપીઓ વતી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપી નં.ર કને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧/૦૯/૨૦૨૧ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧-૦૯-૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

**(નાગદાનભાઈ કે.ડાભી)**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**
CODE : GJ01030